શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન: ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨
ફેક્સ: ૮૪૭-૪૫૦-૧૭૧૮
http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯

જાન્યુઆરી ૨૦૧૯ ☼ વર્ષ - ૧૧ ☼ અંક - ૩૭

## આગામી ઉત્સવો

**-: શ્રી જલારામબાપા પૂણ્યતિથિ :-**
ગુરૂવાર, ફેબ્રુઆરી ૨૮ - સાંજે ૫:૩૦ કલાકે
**-: મહા શિવરાત્રી :-**
સોમવાર, માર્ચ ૪ - સાંજે ૫:૦૦ કલાકે
**-: શ્રી જલારામ મંદિર સ્થાપનાદિન ઉજવણી :-**
માર્ચ - તારીખ અને વિગત વેબસાઈટ/ઈમેલ દ્વારા પ્રકાશિત કરાશે
**-: હોળી :-**
બુધવાર, માર્ચ ૨૦ - સાંજે ૪:૦૦ કલાકે
દરેક ઉત્સવો બાદ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે

**-: Shree Jalarambapa Punyatithi :-**
Thursday, February 28 - 5:30 PM
**-: Maha Shivratri :-**
Monday, March 4 - 5:00 PM
**-: Shree Jalaram Mandir Inaguration Day :-**
March - Details to be announced on Website & via Email
**-: Holi :-**
Wednesday, March 20 - 4:00 PM
**Prasad will be served after each event**

**આપ ઉપર જણાવેલ કોઈપણ ઉત્સવોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને હસમુખભાઈનો ૮૪૭-૩૭૧-૧૦૯૮, ભુપેન્દ્રભાઈનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ અથવા ભાવિકભાઈનો ૬૩૦-૪૧૫-૫૫૯૫ પર સંપર્ક કરવા વિનંતી છે.**

*If you would like to sponsor any of the events, aarti or prasad seva, please contact Hasmukhbhai @ 847-371-1098, Bhupendrabhai @ 224-715-2010 or Bhavikbhai @ 630-415-5595.*

## *President's Corner*

*Bakul Thakkar*

*Respected Shree Jalaram Devotees,*

*During last quarter of 2018, we have celebrated Diwali, New year and Jalaram Jayanti. Children of age 5 to 15 from our Balvihar group work very hard and presented cultural program on the day of Jalaram Jayanti. It gives us a great deal of satisfaction that our children will continue and promote Jalabapa message for years to come.*

*The trust and Executive board members term expire as of December 31, 2018. With the help of hundred of volunteers, board members stay focus in providing religious and humanitarian services to our devotees. New board is in place for next two years. The goal of new board is to continue to follow what jalabapa has taught us. Welcome everyone who walks thru mandir door, treat them with respect and present prasad.*

*This year we are planning to upgrade Altar and add Shinhasan for Navgruh Murties and add curtains for Garbh Gruh. As always, we need everyone help and support.*

*Jay Jalaram*

## સંસ્થા સમાચાર

**સંકલન: હરિવદનભાઇ ઠક્કર**

સૌ જલારામ ભકતોને શ્રી જલારામ મંદિર તરફથી જય શ્રી જલારામ.

શ્રી જલારામ મંદિર તરફથી સૌ જલારામ ભક્તો ને જય શ્રી જલારામ. આપણા સૌના હિંદુ ધાર્મિક તહેવારોની ઉજવણી આપણા મંદિરમાં ખૂબજ ધામધૂમથી ભકિતભાવથી ઉજવવામાં આવે છે.

સપ્ટેમ્બર થી ડીસેમ્બર મહિનામાં યોજાયેલ ઉત્સવોની ઝાંખી નીચે પ્રમાણે છે.

ભાદરવા મહિનામાં શ્રાધ્ધ પક્ષોના દિવસોમાં આપણા પૂર્વજોના સર્વ પિતૃ તર્પણ નિમિતે મંદિરમાં ઓક્ટોબર ૭ રવિવારનાં દિવસે આયોજન થયું. ખૂબજ ધાર્મિક રીતે વિધિપૂર્વક સર્વે પિતૃના કલ્યાણ માટે પૂજન થયું.

આસો માસની શરૂઆત એટલે માં અંબેમાની સ્તુતિ, ગરબાની રમઝટ. આપણાં મંદિરમાં દરેક વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરમાં નવે નવ દિવસ ધામધુમથી માતાજીની સ્તુતિ તથા ગરબાનો આનંદ મંદિરનાં તથા વોલીએંટર આર્ટીસ્ટોએ સૌ ભક્તજનો ને ગરબાની રમઝટ કરાવી હતી. આઠમનાં દિવસે માતાજી નું હવન તથા નોમ ના દિવસે ગરબાની પૂર્ણાહૂતિ કરી. મંદિર તરફથી એક રાત્રી બહાર વિશાળ હોલમાં રાસ ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૧૨૦૦થી વધારે ભક્તો એ રાસ ગરબાનો આનંદ લીધો હતો.

આપણા હિંદુ ધર્મનો સૌથી વધારે મહત્વનો ધાર્મિક તહેવાર એટલે દિવાળી અને નવુ વર્ષ.પાંચ નવેમ્બરથી શરૂ થતા દિવાળી પર્વ, ધનતેરસના શુભ દિને લક્ષ્મી પુજન, કાળી ચૌદસના શુભ દિને સુંદરકાંડ પાઠ, દિવાળીના શુભ દિને ચોપડા પુંજન નું આયોજન થયું હતું. નવા વર્ષનો શુભ દિન સવારે ૬ વાગે મંગળા આરતીથી શરૂઆત થઇ અને આખો દિવસ મંદિર ખુલ્લુ રહયું. ભજન સત્સંગ સાથે આખો દિવસ ભક્તોની અવર જવર ચાલુ રહી અને અન્નકુટનાં દર્શનનો લાભ ભક્તો એ લીધો.

૧૫મી નવેમ્બર ગુરૂવારના શુભ દિવસે પૂજ્ય શ્રી જલારામ બાપાની જન્મ જયંતિ ઉત્સવ ઉજવવામાં આવ્યો. ૧૭ નવેમ્બર શનિવાર સવારથી ધજા પૂજા, કળશ પૂજા અને મહા પૂજાનું તથા અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું હતુ. સવારથી ભક્તોની ભીડથી મંદિર ભરેલ હતું. સાંજના ૪ વાગ્યાથી મંદિરનાં બાળ વિહારનાં બાળકો દ્વારા અનેકવિધ અદ્દભૂત કલ્ચરલ કાર્યકમ રજૂ કરવામાં આવ્યા જે ખરેખર પ્રસંસનીય હતા. સાંજની આરતી પછી મુંબઇથી આવેલ ભજનીક કલાકાર શ્રી શૈલેન્દ્ર ભારતી દ્વારા ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યુ હતું. વર્ષના છેલ્લા તહેવારની ઉજવણી એટલે તુલસી વિવાહ શનિવાર નવેમ્બર ૨૪ તારીખે ઉજવવામાં આવ્યો હતો.

ડિસેમ્બર મહિનાની ૧૬ તારીખે મંદિરની જનરલ મિટીંગનુ આયોજન થયું. બે વર્ષની ચાલુ કમિટીની મુદ્દત પુરી થતા નવી કમિટી માટે ઇલેકશન પણ રાખવામાં આવ્યુ હતું. જેટલા મેમ્બરોની જરૂર હતી તેટલા જ ફોર્મ આવ્યા હોવાથી ઇલેકશન કરવાની જરૂર ન હતી. વિતેલા વર્ષનાં હિસાબની ખૂબજ ઝીણવટ ભરી રીતે રજુઆત કરવામાં આવી હતી. જેનો સૌ હાજર રહેલાએ આનંદથી વધાવી લીધો હતો. અને નવા આવેલ મેંમ્બરોનુ હૃદયપૂર્વક સ્વાગત કર્યુ હતું.

આવીજ રીતે મંદિરમાં ખુબજ સુંદર રીતે સમભાવથી ધાર્મિક તહેવારોની ઉજવણી તથા અનેક પ્રશંસનીય કાર્યો જેવા કે હેલ્થફેર, મેડિકલ ચેકઅપ કેમ્પ, આર્યુવેદિક દવાનુ વિતરણ, બ્લડ ડોનેશન કેમ્પ, બાળકો તથા યુવાનો માટે તબલા, પિયાનો (કી બોર્ડ), ગુજરાતી ભાષા, આરંગેત્રમ, યોગા, હિદું ધર્મ, સંસ્કૃતનાં શ્લોકની સમજણ, માટેના કલાસીસ. દરેક ગુરૂવાર અને મહીનાના પહેલા તથા ત્રીજા રવિવારે સાંજે ભજનનાં કાર્યક્રમ થતા હોય છે.

મંદિરના આચાર્ય શ્રી કેયુરભાઇ તથા શ્રી ધર્મેન્દ્રભાઇ તમામ ધાર્મિક કાર્યક્રમોની વિધીપૂર્વક સમજણ આપતા હોય છે. મંદિરનાં દરેક પ્રોગામોમાં જલારામ ભક્તો ભરપૂર સંખ્યામાં હાજર રહી ને મંદિરનાં દરેક પ્રોગામોને દિપાવે છે. દિવસે દિવસે જલારામ ભક્તોની હાજરી વધતી જાય છે. શ્રી જલારામ બાપાના આર્શીવાદ અને પરચા ભક્તોને મળે છે. શ્રી જલારામ બાપાના ચરણોમાં પ્રાર્થના કે આપ સૌ ભક્તોના જીવનમાં હંમેશા સુખ શાંતિ, આરોગ્યદાયક જીવન અને પૂ બાપાની સેવા કરવાની પ્રેરણા મળતી રહે.

અત્યાર સુધી મળેલા આપ સૌના સાથ, સહકાર અને સેવાને હ્રદય પૂર્વક પ્રણામ અને ભવિષ્યમાં એવી જ રીતે મળતા રહે તેવી અપેક્ષા સાથે આપ  સૌને પ્રણામ અને જય જલારામ.

**લોકમાન્ય ટિળક મહારાજની સ્વશ્થતાને ધન્યવાદ ઘટે**

**સંકલનઃ ડૉ. મગનભાઇ પટેલ**

મહારાષ્ટ્રમાં પંઢરપુર નામે ગામ આવેલુ છે. ત્યાં એક બ્રાહમણ કુટુંબ પતિ-પત્ની અને બાળક સાથે નિવાસ કરે છે. માતા પિતાએ તેમની સામાન્ય સ્થિતિમાં અનેક મુશ્કેલીઓ વેઠીને, પૈસાવાળા પાસે આજીજી કરી, ભિક્ષા માગી કુટુંબનુ ભરણ પોષણ કર્યું, દુઃખો ભોગવીને બાળકને ભણાવ્યો. આ છોકરો સારૂ ભણ્યો અને તેથી તેને સારી નોકરી પણ મળી ગઇ. ધીમે ધીમે તેને ચાન્સ મળતાં કલેકટર બન્યો. નોકરી મળ્યા પછી આ છોકરો મા-બાપની સામે જોતો પણ નથી, કોઇ જાતની મદદ કરતો નથી. છોકરા એ લગ્ન પણ કરી લીધા પણ મા-બાપને ખબર પણ પડવા ન દીધી.

સમય જતા તેની માતાને ઇચ્છા થઇ કે છોકરાને જોયો નથી તો જોઇ આવીએ. પિતાને થયું કે છોકરાએ લગ્ન વખતે બોલાવ્યા નથી, આપણે જઇશું તો પણ બોલાવશે નહી. તેથી તેણે તેની પત્નિને ના પાડી. પરંતુ માતાની જીદ આગળ ન છુટકે માતા-પિતા દિકરાને મળવા ગયા. છોકરો ઉપર ગેલેરીમાં આંટા મારતો હતો, તે માતા-પિતાને જોઇ ગયો. બંગલાના દરવાજે વૉચમેન ઉભો હતો, તેણે વૉચમેનને ઇશારો કરીને ના પાડી અને તેણે તેમને અંદર જવા દીધા નહી. માતા-પિતા બીજે દીવસે ગયા પણ વૉચમેનને કહેલું તે પ્રમાણે તેણે બીજે દીવસે પણ તેમને અંદર જવા દીધા નહી. આ અસહ્ય આઘાતથી પિતાનું અવસાન થયું.

માતા હવે એકલી પડી, પરંતુ તે હિમંત હારી નહી, પ્રભુએ પણ ખૂબ કસોટી કરી. હવે શું કરવું તે વિચારતા બાજુમાં આવેલા મંદિરની ધર્મશાળામાં સાફ-સફાઇની સેવા કરવા લાગી. અને મંદિરમા રહેવા લાગી. વિચારતી હતી કે દિકરાને કેટલી મુશ્કેલી વેઠી મોટો કર્યો, ભણાવ્યો, આજે જે સ્થિતિમાં છે એના માટે લાયકાત બનાવ્યો અને તે અમોને નથી મળવા આવ્યો, કે લગ્ન કર્યા તો પણ બોલાવ્યા નથી.

સમય જતા દિકરાની પત્નિને પ્રસુતિ આવવાનો સમય થયો, ત્યારે તેમને ઘરમાં રસોઇ તથા ઘરકામ કરવા માટે કોઇ વ્યક્તિની જરૂર પડી, તપાસ કરતા મંદિરની ધર્મશાળામાંથી દિકરાની માતાની ખબર પડી. દિકરાની પત્ની ને માતાની ઓળખાણ ન હતી, ગમે તેમ માં નું દિલ, માં ને થયું કે આ રીતે પણ દિકરાની નજીક રહેવાશે. માતાએ તેમ વિચારીને કામ કરવાની તૈયારી બતાવી અને સાથે ગઇ. માતા ઘરમાં ખૂબ કામ કરતી. દિકરાને મળતી નહી. એક દિવસ પત્નીને પ્રસુતિની અસહ્ય પીડા થવા લાગી, આ પરિસ્થિતિમાં દિકરાને ઘરે રહેવું પડે તેવા સંજોગો થયા. દિકરાએ કામ કરતી માજીની સારી વાતો સાંભળી હતી પણ આ માજી ને જોયા ન હતા.

આ પરિસ્તિથિમાં જયારે આ માજીને જોયા અને પોતાની માતાને ઓળખી જતા ખૂબજ શરમીંદો થઇ ગયો. તેણે માતાની માફી માંગી. તેને ખૂબજ પસ્તાવો થયો. મા-દિકરાના આ મિલન પછી મા પણ ત્યાંને ત્યાંજ મૃત્યુ પામી.આવા દુઃખદ સમયે દિકરાને ખૂબજ આઘાત લાગ્યો. અને પોતે કેવી મોટી ભૂલ કરી છે તેનો તેને પસ્તાવો થયો. ધન-દોલત, નોકરી મૂકી દિકરો ત્યાગી થઇ ગયો.

દિકરાએ એક પગે ઉભા રહીને ભગવાનની ખૂબજ આરાધના કરી તપસ્વી બની ગયો. ભગવાન તેની ઉપર પ્રસન્ન થયા અને તેને દર્શન દીધા. એક દિવસ કસોટી કરવા માટે એક વૃધ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ લઇને ભગવાન તેમની પાસે પહોચ્યાં. તેઓ સેવા કરતા હતાં તેથી તેમને બહાર ઉભા રહેવાનું કહયું અને સેવાકાર્ય પુરૂ કર્યા પછી જ મળવા આવ્યા. ભગવાન તેમની સેવા ભાવથી ખૂબ પ્રસન્ન થયા. ધન્ય છે આવા ભકતને કે જેણે સેવાકાર્ય સમયે ભગવાનને પણ મળવાની ના પાડી. આજે તે પંઢરપુરમાં વિઠોબાના નામથી પૂંજાય છે.

---

સત્તા કે સંપતિ ખોટા નથી, પરંતુ સમજણ રાખવાથી તે સુખરૂપ બને છે. ગમે તેવા ઊંચા હોદ્દા પર હોઇએ પણ સાદાઇથી રહેવામાં જ સાચું સુખ રહેલું છે. આજના લોકો એમ કહેતા હોય છે કે, ભાઇ પૈસાથી જ બધું થાય છે. સત્તા હોય તો જ લોકો ભાવ પુછે છે. માણસો સત્તા અને પૈસા પાછળ દોટ મુકે છે અને જીવનના મુલ્યોને ફેંકી દેવાનું ઉચિંત ગણે છે. તેથી લાકોમાં નૈતિકતા જાણે ખાલી થઇ ગઇ જણાય છે. જીવનમાં સદ્ગુણો તથા નૈતિકતાનો ખજાનો હોય તો આપણી પાસે કરોડોની મિલકત છે એમ માનવું

એક વખત સિકંદરના પિતા જુદા જુદા પ્રદેશો જીતી ને પાછા શહેરમાં આવ્યાં ત્યારે સિકંદર પોકે ને પોકે રડતાં હતા. ત્યારે તેમની માતા એ પૂછ્યું કે બેટા તું શા માટે રડે છે? તારા પિતા આજે મોટા વિજય મેળવીને આવ્યા છે. ત્યારે સિકંદરે કહ્યું કે મારા પિતા બધુ જીતી લેશે તો

પછી હું જયારે રાજા બનીશ ત્યારે હું શું જીતીશ? સિકંદર મહાન બન્યો તેનુ મુખ્ય કારણ તેને કામ કરવાનો ઉત્સાહ હતો. આજે જયારે સંતાનો ને બધું તૈયાર મળે છે એટલે કંઇ કામ કરતા નથી અને ન મળે તો રડે છે. આ આજના જમાનાની વિચિત્રતા છે.

ભારતનાં મહાત્મા બુધ્ધ ભગવાન, મહાવીર સ્વામી, શંકરાચાર્ય, ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, જેવા ઉત્તમ સ્થાને આવ્યા તેનુ મૂળ કારણ તેમનામાં રહેલુ સાર્મથ્ય હતું. સતત કામ કરતા રહેતા, ભવિષ્યમાં તેનો લાભ મળશે એવુ વિચારતા,સાદાઇથી રહેવાનું પસંદ કરતા. મોટાઇની અપેક્ષા રાખતા નહી.

આપણે વિચારવાનું કે યુવાનો નિયમિત અભ્યાસ કરે, પ્રમાણિકતાથી આગળ વધે, સંપતિ કમાય, કોઇને છેતરે નહી કે કોઇથી છેતરાય નહી. હંમેશા સચ્ચાઇ પૂર્વક જીવન પસાર કરે. જીવનમાં આગળ આવવા માટે આ સદ્દ્ગુણોની જરૂર હોય છે. જેવુ વિચારે તેવુ આચરણ કરે તે પણ આવશયક છે. આપણે એ પણ યાદ રાખવુ કે આદર્શ વિનાનું જીવન એ સુકાન વિનાની હોડી જેવું છે.

આ સંદર્ભમાં એક પ્રસંગ ખરેખર નોધપાત્ર છે. મહાત્મા ગાંધીજી બાળપણમાં સત્યવાદી હરિશ્ચંદ્રનું નાટક જોવા ગયેલા. આ નાટકમાં ગાંધીએ સત્યની ખૂબજ પ્રતિષ્ઠા જોઇ. તે જ સમયે તેમણે નિશ્ચય કરી લીધો કે જીવનમાં હરિશ્ચદ્ર જેવુ જ સત્યનું આચરણ કરવું છે.અને તેમણે જીવનનાં અંતિમ સમય સુધી સત્યનું આચરણ કરેલું. તેમણે આ સત્યનાં પાયા ઉપર જ આ સિધ્ધિ હાંસલ કરી હતી.

આપણે જીવનમાં સુખી થવા માટે ઉચ્ચ આદર્શો રાખવા જોઇએ. શ્રીરામ ભગવાન જેવા સદ્દ્ગુણો રાખનાર જ સારા ચરિત્રનું નિર્માણ કરી શકે. દાસના દાસ રહેવું, આજ્ઞાનું પાલન કરવું. કોઇની સાથે ખોટા વાદ-વિવાદમાં ન ઉતરવું. ગમે તેવી આદતો ના ભોગ ન બનવું. બીજાને દુ:ખ થાય તેવુ વર્તન, ટીકા ન કરવી. મોટા સંત, મહાત્માઓ એ પણ તેમના જીવનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડી હતી, તે યાદ રાખવું. રાતો રાત મહાન થવાતું નથી, કદાપિ શોક કરવો નહી. હિમંત હારવી નહી. જીવનમાં સુખ-દુ:ખ તો સિકકાની બે બાજુ છે. કોઇ પણ કાર્ય કરતા ભગવાનને યાદ કરવા. પોતાની યથાશકિત પ્રમાણે દાન, દીન-દુ:ખી જનોની મદદ કરવી. ધનની ગતી ન્યારી છે. શાસ્ત્રમાં કહયું છે કે જે દાન આપતો નથી, તેનો સદ્ ઉપયોગ કરતો નથી, એવા વ્યકિતના ધન-સંપતિનો વિનાશ થાય છે.

જીવનમાં દરેકની ઇચ્છા હોય છે કે પોતાની નામના વધે, તેનો આદર કરે, માન-સન્માન કરે પરંતુ એ એમ નથી વિચારતો કે પોતા ને પણ સામા પ્રત્યે એવો આદર, માન-સન્માન કરે. સામાનું વિવિધ ક્ષેત્રે પ્રગતિ થાય એવુ વિચારે.

વેદોમાં ગહન જ્ઞાન રજુ થયેલુ છે. વેદનું સારી રીતે અધ્યયન કરનારો, બ્રામણો ક્ષત્રિયો તથા પોતાના સેવકોને પણ આવશયકતા મુજબ ધન આપનારો,, ત્રણે પ્રકારના યજ્ઞ કરનારો વૈશ્ય પણ મૃત્યુ પછી સ્વર્ગના સુખને પ્રાપ્ત કરે છે. અધમ વ્યકિત, બીજા પ્રત્યે દુ:ખ દાયક કર્મ કરનારો, પ્રમાદ, જુઠો, વિશ્વાસનહીન, સ્નેહહીન,સ્વયંને જ્ઞાની, બુધ્ધિમાન તથા ચાલાક સમજનારની સંગત કરવી નહી. આળસુ, ખાઉધરો,નિંદનીય, પાખંડી,દુષ્ટ. વિગરેને પોતાના ઘરમાં આશ્રય આપવો નહી.

વિદુરનીતીમાં પણ મહાત્મા વિદુરજીએ કહયુ છે કે શ્રેષ્ઠ માનવીએ કયારેય એકલા સ્વાદીષ્ટ ભોજન કરવુ નહી. ધન મેળવવા કે તેનો ઉપયોગ કરવામાં હિતચ્છુઓ સાથે વિચાર-વિમર્શ કરી ને કરવું. એકલા કશું કરવુ નહી. હરિ એ નીતિ શતકમાં કહયું છે કે જે વ્યકિત પાસે વિધ્યા, તપ,દાન, જ્ઞાન, શીલ, ઋણ, કે ધર્મ નથી તે મૃત્યુલોકમાં પૃથ્વી પર ભલે હોય, મનુષ્યની પ્રાકૃતિમાં પશુઓ રૂપે જ હરે છે.

## જલારામ કૃપા

૧) જય જલારામ બાપા, બાપા મારી દિકરીના ડીર્વોસ થયા ત્યારે મને ખૂબજ ચિંતા થતી કે કયારે મારી દિકરીના જીવનમાં સારો છોકરો મળે. મેં બાપાનો પરચો છપાવવાની માનતા માની તો પૂ. બાપાની કૃપાથી સરસ છોકરો મારી દિકરીના જીવનમાં આવ્યો. પૂ. જલારામબાપાને મારી પ્રાર્થના છે કે તમારી કૃપા બધા ભકતો ઉપર રહે.

૨) જય જલારામ, હે પ્રભુ, તમારી અસીમ કૃપાથી મારી દિકરીના મોઢેથી ખીલ મટી ગયા છે. ખીલ ને લીધે એનુ મોઢુ કદરૂપુ દેખાતુ હતું જોડે જોડે એને ડીપરેશન પણ આવી ગયું હતું. મેં પાંચ ગુરૂવાર ભરવાના માન્યા હતા અને હવે ઘણો સુધારો છે. મારો આ પરચો જલારામ દર્પણમાં છાપજો. મારી દિકરી ના વર્તનમા ઘણો સૂધારો આવ્યો છે અને વધારે ખુશ છે.

૩) જય જલારામબાપા. તમારી દયા અપરંપાર છે. પલકને બાબાનો જન્મ થયેલ છે. મારી આશા છે આ પરચો સ્વીકારી લેજો. દરેકને તન,મન,ધનથી સુખી રાખશો.

૪) જય જલારામ. બાપા મારી પ્રાર્થના સ્વીકારશો. બાપા મારી અરજી આપે સાંભળી અને મને બેંકમાં જોબ મળી ગઇ. બાપા આપનો આભાર, બાપા આવી રીતે હર પળે આપનું સ્મરણ હોઠ પર રહે એજ પ્રાર્થના. સાથે માકલાવેલ ભેટ સ્વીકારીને પરચો છાપીને આપના કરમાંથી મુકત કરશો. આપને કોટિ કોટિ પ્રણામ. બાપા આંખે જલ્દી સારૂ થઇ જાય અને જોબ બરાબર ચાલે એજ પ્રાર્થના. આપનો ભકત એજ અર્ચના. પૂ. બાપાના નામથી તરત જ તકલીફ દૂર થઇ ગઇ છે. બાપા મારી પાસે શબ્દો નથી. આપની કૃપા અપરંપાર છે. આ પરચો જરૂરથી છાપશો.

૫) જય જલારામ. ઘણી બધી મુશ્કેલી હતી પણ બધી જ વખતે પૂ. જલાબાપાને યાદ કર્યા અને બધા કાર્યમાં બાપાની સહાયતા માગી ને માનતા માની કે આ બધું શાંતીથી થઇ જાય તો તમારો પરચો છપાવીશ. પૂ. બાપાના આર્શીવાદથી બધુ સારૂ થઇ ગયું. આવીજ રીતે હંમેશા અમારી સાથે રહેજો. જલા સાંઇ મારા પરિવાર પર આપની દ્રષ્ટી હંમેશા રાખશો. આપના ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન યથાશકિત સાથે પરચો છાપી ૠણ મુકત કરશો.

૬) પૂ.શ્રી જલારામ બાપા, આપને અમારા કોટિ કોટિ વંદન. તમે હાજરા હજુર છો. જ્યારે પણ તમને યાદ કરીએ છીએ ત્યારે તમારી રમણીય છબી મનમાં અંકિત થઇ જાય છે. કોઇ પણ મુશ્કેલીમાં તમારૂ સ્મરણ કરતા મુશ્કેલી દુર થઇ જાય છે. આખા કુટુંબની રક્ષા કરવાની કૃપા કરશો. મેં મનમાં સંકલ્પ કરેલો તે આપની કૃપાથી પુરો થયો છે.કાયમ અમારા કુંટુંબ ઉપર કૃપા વરસાવતા રહેજો. જલારામ દર્પણમાં છાપવાની કૃપા કરશો અને તમારી અમી દ્રષ્ટિ અમારા ઉપર વરસાવતા રહેજો.

૭) પૂ. જલારામબાપા ખૂબજ દયાળુ છે. પૂ. બાપાની કૃપાથી બધા જ કાર્ય સફળ થયા છે. મારે અગત્યનાં કાગળ ન મળવાથી બાપાનો પરચો છપાવાની બાધા રાખેલ તો મને તરત જ કાગળ મળી ગયા. મારા અનેક કાર્યમાં બાપાએ સહાય કરી છે. પૂ. બાપાનાં ચરણોમાં કોટિ કોટિ વંદન. યથાશકિત ભેટ મુકેલ છે. તો પરચો છાપી ને ૠણ મુકત કરશો.

૮) પરમ પૂ.જલારામ બાપાના ચરણોમાં કોટિ કોટિ વંદન. દીનદયાળ,દુખીયાના બેલી, નીરાધારનો આધાર પૂ. જલારામબાપાની અસીમ કૃપા અમારા ઉપર હંમેશા રહી છે. ડગલે ને પગલે બાપા અમારા બધા કાર્યો પાર પાડે છે. બાપાનાં પરચા અપરંપાર છે. મેં બાપાનો પરચો માનેલો કે મારા દિકરાને ત્યાં પારણું બંધાશે અને તેની દરેક ઇચ્છાઓ પૂરી થશે અને કાર્યો પાર પડશે તો બાપાનો પરચો છપાવીશ. પૂ બાપાની અસીમ કૃપા અને આર્શીવાદથી દરેક કાર્યો પાર પડયા છે. પૂ. બાપા બધામાંથી હંમેશાં બચાવી લે છે. જેમ અમારા ઉપર બાપાની કૃપા છે એમ દરેક ઉપર હંમેશા રહે એજ પ્રાર્થનાં. પૂ. બાપા સૌને હેમખેમ રાખે એજ પ્રાર્થનાં. આ પરચો જલારામ દર્પણમાં છાપી ને મારી બાધા પૂરી કરશો. પરમ પૂ જલારામ બાપાના ચરણોમાં કોટિ કોટિ વંદન.

૯) પરમ પૂ જલારામ બાપા. મારા હસબન્ડને નાની ઉંમરમાં બ્રેન ટયુમર થયુ હતું અને ઓપરેશન કરાવવાનુ હતું. ઓપરેશન સારી રીતે થઇ જાય અને કોઇ કોમ્પલીકેશન ના આવે તે માટે મનોમન બાપાને પ્રાર્થના કરી, અને પરચો છપાવવાનો સંકલ્પ કર્યો હતો. અને બાપાની અસીમ કૃપાથી ઓપરેશનમાં કોઇ તકલીફ થઇ નહોતી અને બધુ સારી રીતે પુર્ણ થઇ ગયું. મારી દિકરી બીલકુલ ખાતી ન હતી અને ફીલીગં થેરાપી કરાવવાની હતી. હીમોગ્લોબીન ઘટીને ૬.૭ થઇ ગયુ હતું. અને બ્લડ ટ્રાન્સફયુજનની જરૂર હતી. મારી દિકરી ખાતી થઇ જાય અને બ્લડ ટ્રાન્સફયુજનની જરૂર ના રહે એ માટે મનોમન બાપાને પ્રાર્થનાં કરી, અને પરચો છપાવવાનો સંકલ્પ કર્યો હતો. બાપાની કૃપાથી મારી દિકરીને ઘણુ સારૂ છે. હાલ હીમોગ્લોબીન લેવલ નૉમલ છે. ફીલીગં થેરાપી ચાલુ છે. જલારામ ભકતના જલારામ બાપાના ચરણોમાં કોટિ કોટિ વંદન.

૧૦) જય જલારામ. શ્રધ્ધા ફળી, મારી પૂત્રવધુને સારા દિવસો ચાલતા હતા. તેની તબીયત અચાનક બગડી. હું પોતે ખૂબજ નિરાશ થઇ ગઇ. મેં પૂ. જલારામબાપાને યાદ કર્યા. મેં માનતા માની કે મારી પૂત્રવધુને સારૂ થઇ જશે તો હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને પૂ. જલારામબાપા અને પૂ. સાઇબાબાની કૃપાથી મારી પૂત્રવધુને ઘણુ સારૂ થઇ ગયું. પૂ. બાપાની કૃપા અપરંપાર છે. આ પરચો શ્રી જલારામ દર્પણમાં છાપીને મને મારી માનતામાંથી ઋણમુકત કરશા

૧૧) શ્રી જલારામાય નમ:, જલારામબાપાએ હંમેશા મારી તકલીફમાં મદદ કરી છે. ઘણીવાર તેમની શ્રધ્ધામાં ડગમગ થાય પણ અંતે તે હંમેશા ફળે છે. મારી દિકરીને તેની જોબમાં મઝા આવતી નથી અને ભવિષ્યમાં શું કરવું તેની મુઝવણ રહેતી હતી. તેનાથી તેને ખૂબજ ટેન્સન રહેતુ હતું. પિતા તરીકે મેં મનમા જલારામ બાપાની સાચા દીલથી પ્રાર્થના કરી ને તેમના આર્શીવાદ માંગ્યા. અને થોડાક અઠવાડીયામાં જ તેને નવી નોકરી પણ મળી અને તેને જોઇતા કરતા વધારે પગાર સાથે મળી. તેને મનની ચિંતા દુર થઇ ગઇ. જલારામબાપાની અસીમ કૃપા. મેં જયારે જયારે યાદ કરી ને પ્રાર્થના કરી છે તે તેમણે હંમેશા પુરી કરી છે. તેમનામાં મારી શ્રધ્ધા વધારે મજબુત થતી જાય છે. આ સાથે મારી પ્રેમ ભરી યથાશકિત ભેટ સ્વીકારી આ પત્ર જલારામ દર્પણમાં છાપીને મને ઋણ મુકત કરશો.

૧૨) પૂ.જલારામ બાપાને અને પૂ.વીરબાઇમાતાને કોટિ કોટિ વંદન. આપ શ્રીની કૃપાથી (૧) મારૂ અમદાવાદનું ઘર કોઇ મુશ્કેલી વગર રીનોવેશન થઇ ગયું છે. (૨) મારા નાના દિકરાને ત્યાં ૧૦-૧૦-૧૮ના રોજ કોઇ પણ તકલીફ વગર બાબાનો જન્મ થઇ ગયો છે. (૩) મારી દિકરી અને તેના બે બાળકોને ૨૧-૯-૧૮ના રોજ ઇમીગ્રેશનમાં કાયદેસર વિસા મળી ગયા છે.(૪) વિસા લઇ ને ૧૩-૧૦-૧૮ના રાત્રિના અગિયાર વાગે મોટા દિકરાને ત્યાં ફીનીક્સ સીટીમાં કોઇપણ તકલીફ વગર આવી ગયા છે. અને ૨-૧૧-૧૮ ના રોજ એમના ગ્રીનકાર્ડ આવી ગયા છે. જે આપ શ્રીની કૃપા વગર શક્ય નથી. બાપા આપનો ખૂબ ખૂબ દિલથી આભાર, આપની કૃપા અમારા સૌની પર રાખશો, સાચો માર્ગ આપી સાચી દિશા બતાવશો. શક્તિ અને પ્રેરણા આપશો.આ સાથે યથાશકિત ભેટ મોકલાવી છે તે સ્વીકારી આ પરચો જલારામ દર્પણમાં છાપીને મને ઋણ મુકત કરશો. એક માતાના અંતરઆત્માંથી આપને વંદન અને આભાર.

***નોંધઃ ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભક્તો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.***

૧) શ્રી જલારામબાપાયનમઃ પૂ. બાપાની અસીમ કૃપાથી મારી દિકરીને સારી જોબ મળી ગઇ છે. એ માટે હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. હે જલારામબાપા મારા પરીવાર ઉપર સદા તમારી કૃપા રાખશો.

લિ.અનુરાધા ગાંધીના જય જલારામ.

૨) પૂ.જલારામબાપાને કોટિ કોટિ પ્રણામ. મને પૂ. બાપામાં ખૂબજ શ્રધ્ધા છે. મારા દરેક કામમાં હું પૂ. બાપાને યાદ કરૂં છું અને બાપા મારા બધા જ કામ સફળતાથી પાર પાડે છે. આ સાથે મેં બાપાની માનતા માની હતી અને તેમા દરેક કાર્યોમાં બાપાએ મને સહાયતા કરી છે. તેવી સૌને સફળતા આપે એવી પ્રાર્થના. આ સાથે યથાશકિત ભેટ મોકલાવી છે તે સ્વીકારશો અને ઋણ મુકત કરશો.

કાશ્મીરા ગાંધીના જય જલારામ

૩) શ્રી જલારામ બાપા, મારા પગમાં લગભગ દોઢ વર્ષથી સોજો આવ્યો હતો. તે કેમેય દવાઓ કરાવવા છતાં પણ મટતો ન હતો. પરંતુ સાથે સાથે પૂ. બાપાની માનતા પણ માનેલી કે મને મટી જશે તો હું પરચો છપાવીશ. પૂ. બાપાની અસીમ કૃપાથી તે સોજો મટી ગયો છે. પૂ. જલારામબાપાની આવી અસીમ કૃપા અમારા કુટુંબ પર રહે એવી આશા. આ સાથે ભેટ માકલાવી છે તે સ્વીકારશો.

દમયંતીના જય જલારામ

૪) પૂ.બાપાને વંદન. મેં જલારામ દર્પણ વાંચી અને તેમાથી પરચો વાંચી મેં માનતા માની હતી તે મને સારૂ થઇ ગયું છે. તેથી પરચો છપાવ્યો છે.

શાન્તાબેનના જય જલારામ

૫) શ્રી જલારામ બાપા. આ સાથે પરચો બાપાના ચરણોમાં મોકલી આપુ છું. મારી ભાણીનાં લગ્ન માટે મેં બાપાનો પરચો માન્યો હતો અને બાપાની કૃપાથી તેના લગ્ન નક્કી થઇ ગયા છે. આ સાથે ૨૧ ડોલરનો ચેક મોકલી આપ્યો છે. પરચો પૂ. બાપાના ચરણોમાં મુકી છાપવાની કૃપા કરશો.

જે. એન. ઠક્કરના જયજલારામ

૬) જય શ્રી જલારામબાપા, પૂ. બાપાની અસીમ કૃપાથી મારા હેલ્થ રેકોર્ડ સારા આવ્યા તથા અમારી બીજી ચિંતાં હતી તે પણ દુર થઇ ગઇ. દિવાળી ઉપર આવી શકયો નહી. માટે આ સાથે એક ચેક બાપાના ચરણોમાં ધરી રહયો છું. મહેરબાની કરીને બાપાનો આ પરચો છાપવા વિનંતી કરૂં છું.

દિપકનાં જય શ્રી જલારામ, જય શ્રી સીતારામ

૭) જય જય જલારામબાપા, ફરી એકવાર બાપાએ અમારા ઉપર અસીમ કૃપા કરી છે. મારા પતિના બ્લડ ટેસ્ટ એબનોરમલ આવવાની ચીતામાં હતી પણ બાપાની કૃપાથી ફરી ટેસ્ટ કરાવી તો બધુ નોર્મલ આવ્યું. અમારા ઉપર બાપાની કૃપા હમેંશા વરસતી રહે એવી પ્રાર્થના છે. આપને આ પરચો છાપવાની વિનંતી છે.

શીલ્પાના જય જલારામ

૮) જય શ્રી જલારામબાપા, જલારામ બાપાની કૃપાથી મારી માનેલી બધીજ વાતો પૂરી થાય છે. મેં મારા દિકરા માટે પરચો છપાવવાની માનતા માની હતી તે પ્રમાણે જ થયુ અને ખૂબજ સારા પરિણામો આવ્યા. મેં મારા માટે પણ માનતા માની હતી તે બધી જ પૂર્ણ થઇ છે. અને સારી રીતે થઇ માટે બાપાનો પરચો છપાવી રહ્યો છું. બસ આમજ બાપાની કૃપા મારા ઉપર રહે તેવી જલારામ બાપાને પ્રાથનાં.

બીજુ, મારી પોતાની તબીયતમાં તકલીફ થઇ હતી. મારા પગમાં ઘણી તકલીફ થઇ હતી. મેં દવાઓ શરૂ કરી પણ તેની સાથે મેં બાપાને પ્રાર્થના કરી અને બધુજ સારૂ થઇ ગયું. બાપાનો ધણો જ આભાર અને તેમના ચરણોમાં મારા નમન.

કેવલ પટેલના જય જલારામ

૯) જય શ્રી જલારામબાપા, પૂ. શ્રી જલારામ પર અતૂટ શ્રધ્ધા છે. બાપા હંમેશા મને મદદ કરે છે. અને હંમેશા ભક્તોની પ્રાર્થના સાંભળે છે. મારો દિકરો ઓહાયોમાં રહેતો હતો. ત્યાં એની સારી જોબ હતી અને વહુ પણ સારી જોબ કરતી હતી.મારા દિકરાની કંપની ટેનસીમાં મુવ થઇ અને એને પણ મુવ થવાનું નક્કી કર્યુ. અને ઓહાયોનુ મકાન વેચવા મુક્યુ. મેં બાપાની માનતા લીધી કે મારા દિકરાનું મકાન જલ્દીથી સારી કિંમતમાં વેચાઇ જાય અને ટેનસીમાં નવુ મકાન લઇ લે અને ત્યાં સારી રીતે સેટલ થઇ જાય. મારી આ વિનંતી બાપાએ સાંભળી અને ત્રણ મહીનામાં એમનુ મકાન વેચાઇ ગયું અને નવુ મકાન ટેનસીમાં લઇ લીધુ. ત્રણ મહીનામાં બાપાએ એમને ટેનસીમાં સેટલ કરી દીધા. માટે આ માનતા પુરી કરશો અને મને એમાથી મુક્ત કરશો. પૂ.બા અને પૂ.બાપા મારા જીવનમાં સારથી રહયા છે. મારા જીવનનો આધાર પણ એજ છે. બાપા હંમેશા મારા પરિવાર ઉપર તમારી અમીદ્રષ્ટી રાખશો. આ સાથે યથાશક્તિ ભેટ મુકી છે એ જરૂરથી સ્વીકારશો.

રમીલાબેન સુરેસભાઇ ગાંધીના જય જલારામ

## <u>જલારામ દર્પણ ભેટ યોજના</u>

*આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.*

- સુરેષચંદ્ર / રમીલાબેન ગાંધી — ડો. ૫૧.૦૦
- જયોત્સનાબેન ઠકકર — ડો. ૨૧.૦૦
- વલ્લભભાઇ / વીમળાબેન ધોલકીયા — ડો. ૫૧.૦૦
- દીપકભાઇ પટેલ — ડો.૧૦૧.૦૦
- અનુરાધા કીરન ગાંધી — ડો. ૫૧.૦૦

- પ્રવિણભાઇ / દમયંતિબેન ઠકકર — ડો. ૧૧.૦૦
- જયેશભાઇ / કાશ્મીરાબેન ગાંધી — ડો. ૧૧૧.૦૦
- રામ ભરોસે — ડો.૨૯૬૬.૦૦

# Going Green

*Let's all try to save the planet for our future generations.*
*Going forward starting with January 2017 issue, we have not been mailing a physical copy of Jalaram Darpan to everyone in the mail.*
*We have been publishing the Darpan on our website at www.shreejalarammandir.org as have been sending it via email to those members who provided it to us.*
*If you want to share your relatives and friends email address, please send it to shreejalarammandirchicago@gmail.com.*

**આપણા પર્યાવરણને અને પૃથ્વીને આપણી ભાવિ પેઢી માટે લાંબા સમય સુધી હરિયાળી રાખવા માટે આપણે સૌ પ્રયાસ કરવો જોઇએ. જાન્યુઆરી ૨૦૧૭ના અંકથી જલારામ દર્પણ રેગ્યુલર મેઇલમાં મોકલવામાં નથી આવતું તેની નોંધ લેવી.**

**દર્પણ ફકત મંદિરની વેબસાઇટ ઉપર પ્રકાશિત કરવામાં આવે છે અને ઈમેઇલ દ્વારા મોકલવામાં આવે છે. જો આપના સગાવ્હાલા તથા મિત્રો ઈમેઇલ દ્વારા દર્પણ મેળવવા ઈચ્છતા હો તો આપ તેઓનું ઈમેઇલ એડ્રેસ નીચેની ઈમેઇલ ઉપર મોકલી આપો.**

*shreejalarammandirchicago@gmail.com*

## વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્ર વિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો અથવા ઇ-મેઇલ દ્વારા જણાવશો જેથી જૂનું સરનામું રદ કરીને નવુ સરનામું નોંધી શકાય અને આગામી ઉત્સવો તેમજ અન્ય સમાચાર પત્રો નવા સરનામે મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ જલારામ દર્પણ મોકલાવીએ છીએ. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ ઓફિસમાં ૮૪૭-૪૯૦-૫૨૫૨ પર સંપર્ક કરી શકો છો.

## જનરલ

દરેક ઉત્સવના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવેલ છે જેમાં આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની સમિતિ યોગ્ય સૂચનોનો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ‘‘ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર સતત ઝળહળે’’ તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનુ નક્કી થયેલ હતું. આપની પાસે જો કેન હોય તો તેને અવારનવાર મંદિરે આવતા જતા ઓફિસમાં આપી અને પાછું લઇ જવા નમ્ર વિનંતી છે.

## વીરબાઇમા હોલ

આપના ઘરમાં આવતા કોઇપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઈ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને  ભુપેન્દ્રનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે.